**ખૂબ જ અગત્યનું**

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## સંશોધન નિયામકશ્રીની કચેરી, આયોજન સેલ,

## આણંદ

વિષય : આયોજીત યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન નોન-રીકરીંગ સદરે મંજૂર કરેલ સાધનોની ખરીદી અને હયાત સાધનનો કાર્યક્ષમ ઉપયોગ કરવા બાબત....

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીની આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આપના હસ્તકની આયોજીત યોજનાઓમાં ઉપલબ્ધ સાધનોનો યોજનાઓના હેતુઓ માટે ઉપયોગ થાય તે અનિવાર્ય છે. જેથી નવા સાધનો ખરીદ કર્યા પછી તુરંત જ તેને વપરાશમાં લેવાનું રહેશે તેમજ ઉપલબ્ધ સાધનો વપરાશમાં ન હોય તો તેને વપરાશ લાયક કરી કાર્યક્ષમ ઉપયોગ કરવાનો રહેશે. આયોજીત યોજનાઓમાં હયાત સાધનોનો નિયમિત યોજનાના હેતુ માટે ઉપયોગ કરવા અને તેની લોગબુક નિભાવવાની રહેતી હોઇ, તે મુજબ કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે. આ બાબતે આપ યોજનાના નિયત્રણ અધિકારી તરીકે અંગત રસ લઇ કાર્યવાહી કરવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે, આપના હસ્તકની આયોજીત યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં દરખાસ્ત કરેલ સાધનોને સરકારશ્રી દ્વારા નોન રીકરીંગ સદરે મંજૂર કરેલ છે. આ સાધનોની ખરીદી કર્યા બાદ તેને યોજનાના હેતુ માટે ઉપયોગ કરવાની જવાબદારી જે તે યોજનાના નિયત્રણ અધિકારીશ્રીઓની હોય છે. તેમજ આયોજીત યોજના હેઠળ મંજૂર થયેલ સાધનો ખરીદ કરવાની કાર્યવાહી પૂર્ણ કરેલ ન હોય તો, તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

ઉપરોકત પરિપત્રનો યુનિવર્સિટીના કામકાજના હિતમાં તાત્કાલિક અમલ કરવાનો રહે છે.

(સહી)

સંશોધન નિયામક અને
અનુસ્નતાક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં. આકૃયુ/સં.નિ/અયન-૨/ 7972 /૧૩,
તારીખ: 29 /૧૦/૨૦૧૩

નકલ સવિનય રવાનાઃ

(૧) આ.કૃ.યુ. ના સર્વે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૨) યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જરૂરી ઘટતી કાર્યવાહી સારૂ

નકલ રવાનાઃ

મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ